# ECHO OF HIS CALL

## ઇસુ ખ્રિસ્તના સાદનો પ્રતિસાદ GUJARATI

*India's National Spiritual Newspaper* ₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAANS

**Editor : S. SAM SELVA RAJ** **16 Languages** **Associate Editor : Bro. Pankaj C. Wadia**

VOL: XXII YEAR OF OUR LORD JESUS CHRIST, 2020 FEBRUARY NO: 3


### પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**ગીતશાસ્ત્ર : ૨૦ : ૧-૯**

૧. સંકટને સમયે યહોવા તારૂં સાંભળીને તને ઉત્તર આપો; યાકૂબના દેવનું નામ તારૂં રક્ષણ કરો.

૨. પવિત્રશાસ્ત્ર માંથી તને સહાય મોકલો, અને સિયોનમાંથી તને બળ આપો;

૩. તારાં સર્વ અર્પણોનું સ્મરણ કરો, અને તારૂં દહનાર્પણ માન્ય કરો.

૪. તારા હૃદયની ઇચ્છા પ્રમાણે તને આપો, અને તારા સઘળા ઇરાદા પૂરા કરો;

૫. તારા તારણમાં અમે આનંદ માનીશું, આપણા દેવને નામે આપણી ધ્વજાઓ ચઢાવીશું; યહોવા તારી સર્વ અરજો સ્વીકારો.

૬. હવે હું જાણું છું કે યહોવા પોતાના અભિષિક્તને વિજય આપે છે. તે પોતાના પવિત્ર આકાશમાંથી પોતાના જમણા હાથની તારકશક્તિથી તેને ઉત્તર આપો.

૭. કોઇ રથ પર ભરોસો રાખે છે અને કોઈ ઘોડા પર, પણ આપણે આપણા દેવ યહોવાના નામનું સ્મરણ કરીશું.

૮. તેઆ નમીને પડી ગયા છે. પણ આપણે ઊઠીને ઊભા થયા છીએ.

૯. હે યહોવા, રાજાને વિજય આપ; અમે વિનંતી કરીએ ત્યારે અમને ઉત્તર દે.

# તમારા ભવિષ્યનું માળખું જાતે જ બનાવો !

**"યહોવા તાર દેવ પર પ્રીતિ રાખવાનું, તેની વાણી સાંભળવાનું, ને તેને વળગી રહેવાનું પસંદ કર; કેમ કે તે તારૂં જીવન તથા તારા આયુષ્યની વૃદ્ધિ છે..."** (પુનર્નિયમ ૩૦:૨૦)

**(મુખ્ય ચર્ચ પર પાળક એસ. સૅમ સેલ્વરાજનો સંદેશો)**

"આ દુનિયાના લોકો જીવનમાં આગળ વધવા અને માંદગી વગરના લાંબા જીવન માટે કમાય છે અને આ મેળવવા તેઓ ઘણા પગલા લે છે અને પ્રયત્નો કરે છે. આ અનુસંઘાનમાં, કેટલાક વિજયો મેળવે છે અને કેટલાક નિષ્ફળતાને વરે છે. અહીં એક કહેવત છે કે બધા ભણેલા સફળતા મેળવતા નથી હોતા અને બધા જેઓ સફળતા મેળવે છે તેઓ ભણેલા હોતા નથી. આ જગતમાં કંઈ પણ મેળવવા, તે વ્યક્તિએ ઇશ્ર્વરની કૃપા અને દયા ચોક્કસ મેળવવી જોઈએ.

સર્વશક્તિમાન ઇશ્ર્વરે ઘણી સારી બાબતો અને આધુનિક કરામતી સાધનો ફકત તેમના લોકો મારફત આપ્યા છે જેઓ તેમના પર ભારપૂર્વક વિશ્ર્વાસ કરે છે. હમણાનાં દિવસોમાં આપણે ઘણી બાબતોનો ઉપયોગ કરીએ છીએ જેમ કે વિદ્યુતપ્રવાહ, તરહ તરહના વિદ્યુત ગોળાઓ, વાહન સાધનો, દ્વિચક્રી વાહનો, વિમાનો, આગગાડીઓ, ટ્રેક્ટરો, ઘડિયાળો, કેમેરા, સિલાઈના સંચાઓ, દવાઓ વગેરે. પણ આપણે જ્યારે આ બાબતનાં શોધખોળકર્તાઓનાં જીવનમાં ડોકીયું કરીએ છીએ ત્યારે આપણને જોતા નવાઈ લાગે છે કે આપણા જીવતા ઇશ્ર્વર આ બધી શોધખોળો પાછળ છે. તેથી, જે લોકો ઉત્પન્નકર્તાને જાણતા નથી તેઓ આ જગતમાં ખુબ જ થોડું શોધી શકે છે. પણ આપણે બધા ઇશ્ર્વરનાં લોકોની શોધખોળોનાં ફળોનો આનંદ લઈ શકીએ છીએ.

આ વર્ષ ઇશ્ર્વર તમારી મારફતે કંઈક નવું કરવા માગે છે. ઇશ્ર્વરની યોજના અને તેના અમલનો ફાયદો સર્વ માટે છે, જેવી રીતે આપણે પવન અને વરસાદ, સુર્ય અને ચંદ્રનો આનંદ ઉપભોગીએ છીએ. ઇશ્ર્વર કોઈનો પક્ષપાત કરતો નથી. (એફેસીઓને પત્ર ૬:૯). ત્યાં નક્કી દરેક શક્યતા છે કે ઇશ્ર્વરની યોજના તમારી મારફત પ્રગટ કરવામાં આવે અને તમે અપારતાથી આશીર્વાદ પામો. આપણા ઇશ્ર્વર ગરીબોને ધૂળમાંથી ઊઠાવે છે અને ભિખારીને રાખનાં ઢગલામાંથી ઊંચે ઉઠાવે છે. (૧ શમુએલ ૨:૮). તમે જીવનમાં કદાચ સર્વ ગુમાવ્યું હોય, પણ યાદ રાખો તમે તમારૂં ભવિષ્ય ગુમાવ્યું નથી! તૈયાર રહો અને જે આશીર્વાદો પ્રભુ ઇસુ ખ્રિસ્તે તમારા માટે તૈયાર રાખ્યા છે તેનો વારસો લેવા આગળ આવો!

અંદાજે પચાસ વર્ષો અગાઊ હું પણ આવી જ પરીસ્થિતિમાં મુકાયો હતો. મારા મિત્રો અને સંબંધીઓમાંથી કેટલાક શરાબ અને નશો, સિનેમાની લતમાં પડયા હતા, દેહની લાલસા

અનુસંધાન પાન ૩ પર

૧૯૬૯ થી ... શિક્ષણ દ્વારા ઘણા જીવનોને સ્પર્શ.

# ઈસુના તેડાની પ્રતિધ્વનિ

અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાળી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલી અને આફ્રિકાન્સ-નું માસીક પત્ર.






**"...યહોવા તને ઘણો જ આબાદ કરશે..."** (પૂનર્નિયમ ૨૮:૧૧)

પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં વહાલા મિત્રો,

આપણા ઇશ્વર અને તારનાર ઇસુ ખ્રિસ્તનાં મુલ્યવાન નામમાં અમે તમને સલામ કહીએ છીએ! અમે ઇશ્વરનાં ઘણા આભારી છીએ તેમના આશીર્વાદો માટે તેમની મિનિસ્ટ્રી પર આપવામાં આવ્યા છે જે તેમની સુવાર્તા મારફત વિવિધ સંસ્કૃતિના લોકોનાં જીવનોને સ્પર્શ કરે છે. અમે તમારા આભારી છીએ કે તમે આ સમાચારપત્ર વાંચો છો, તેના માટે પ્રાર્થના કરો છો અને અમને ટેકો આપો છો.

જેમ તમે જાણો છો, અમે ૧ ડિસેમ્બર ૨૦૧૯થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ સુધી અમારી બહુવિધ મિનિસ્ટ્રીજ મારફત પ્રભુ ઇસુ ખ્રિસ્તની મહાન સુવાર્તાને મોકલવામાં ઘણા વ્યસ્ત હતા. ઇશ્વરે તેમના વિશ્વાસુ માલિક તરીકે અમને અમારી મૂળભૂત જરૂરીયાતો પૂરી પાડી છે અને તેમના દેશો માટેના દર્શનમાં અમને દોરવણી આપી છે.

અમે તમારા પત્રો, એસએમએસ, ઇમેલો, વોટસઅપ, દૂરધ્વનિ સંદેશાઓ વગેરે મારફત પ્રોત્સાહિત થયા છે. તમારા સદ્વ્યવહાર માટે ઇશ્વર તમને ભરપૂરીપણાથી આશીર્વાદ આપો. અમે સર્વ મિત્રોના આભારી છીએ જેમણે એસએમએસ અને વોટ્સઅપ સંદેશાઓ મારફત અમને સલામ પાઠવી છે.

અમે જે અમારા પ્રાર્થના મુદ્દાઓ, **ઇકો ઓફ હીજ કોલનાં** જાન્યુઆરી ૨૦૨૦નાં અંકમાં દર્શાવ્યા હતા, તે માટે અમને ઇશ્વર તરફથી સારો પ્રતિભાવ મળ્યો છે. અમારા પ્રાર્થના ભાગીદારો અને સમર્થકો માટે અમને ખરેખર ગર્વ છે.

દર વર્ષે અમારા જે વિદ્યાર્થીઓ અમારી સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળામાં ભણે છે, તેઓ સરકારી પરીક્ષાઓમાં સારા ગુણો સાથે ઉર્તિણ થયા છે. આ વર્ષે પણ જે વિદ્યાર્થીઓ આવનારી સરકારી પરીક્ષાઓ જે એપ્રિલ ૨૦૨૦માં થનાર છે, તેમાં સફળતા મેળવે તે માટે તમે પ્રાર્થનાઓ કરો એવી અમે તમને વિનંતી કરીએ છીએ.

અમે અમારા ચર્ચો, ૧૬ ભાષાઓમાંના પ્રકાશનો, નહેમ્યાહ બાઈબલ કોલેજો, સુવાર્તા છાપખાના અને અન્ય પ્રવૃત્તિઓ માટે પ્રાર્થના કરવા તમને વિનંતિ કરીએ છીએ. અમે તમને પ્રભુમાં પ્રેમ કરીએ છીએ અને તમારા માટે પ્રાર્થના કરીએ છીએ.

ઇશ્વર તમને આશીર્વાદ આપો.

ઇસુ ખ્રિસ્તમાં તમારો સેવક,

**એસ. સામ સેલ્વરાજ**

CHIEF EDITORS
Pastor S. Sam Selva Raj
Angeline Selvakumari Henry, M.A., M.Ed.
MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
ADMINISTRATION
Bro. N. Prakasam, M.A., General Manager
EDITORIAL BOARD
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M. Phil., B.Ed.
ADVISORY BOARD
Adv. Jose Abraham
Adv. N. Balaji, B.Com., B.L.
Dr. S. Rabinder Boaz, M.S.
Er. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM)
Aud. K. Puratchivendan, M.Com., B.L.
Bro. Rajeswaran Samuel, B.Com.

PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
**Echo of His Call Printers**
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
**Phone :** (+91-44) 2852 8282
2852 9293, 2854 7766
**Email :** sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
Websites :
www.echoofhiscall.org
www.echoofhiscall.com

**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) • BIBLECOR - Postal Courses (3 languages) • Theological Correspondence Courses (2 languages) • Church Planting • Nehemiah Bible Colleges • Gospel Printing Press • Great Commission Partners • Village English High School • Crusades • 100 Prayer Warriors • Community Development

(પાન ૧ થી આગળ)

અને મુર્તિપૂજા, જૂઠાણા, બીજાઓની સતાવણી, ચોરીમાં, પૈસાના પ્રેમનાં, શિકાર થયા હતા અને ઇશ્વરના વચનથી દૂર ગયા હતા. હું પણ તે દુર્ગુણોથી છુટ્યો ન હતો. પણ આપણા પ્રભુ ઇસુ ખ્રિસ્તે કૃપાળુરીતે તેવા પાપોમાં પડવાથી મને બચાવ્યો હતો! તે સમયે, હું નિર્ણય લઈ શક્યો નહિ.

જ્યારે હું તે સ્થિતિમાં હતો ત્યારે ભાઈ જી. જેયાનાથ પાઊલમોની, જે મારા સહપાઠી હતા, તેમણે મને એક સુવાર્તા ટ્રાક વાંચવા માટે આપી.



તે ટ્રાક ભાઈ સેમ્યુએલ ડેનિએલ, જેઓ ચૈનાઈમાં રહેતા હતા, તેમણે પ્રકાશિત કરી હતી. મેં તે ટ્રાક બે મિનિટમાં વાંચી નાખી. તે ટ્રાક નો સંદેશો હતો કે ઈસુ તમને પ્રેમ કરે છે. તેનાથી હું ઘણો પ્રભાવીત થયો હતો. મેં તે ટ્રાક વારંવાર વાંચી.

હું સમજી શક્યો કે પ્રભુ ઇસુ ખ્રિસ્તે આપણને શીખવ્યું છે કે સારૂં શું છે અને ખરાબ શું છે. તેથી, મેં સારૂં શોધવા શરૂઆત કરી. ઇશ્વરે મને પકડી લીધો. **"પણ જાણો કે જે પવિત્ર છે તેને યહોવાએ પોતાને વાસ્તે પસંદ કર્યો છે."** (ગીતશાસ્ત્ર ૪:૩). મેં મારૂં સંપૂર્ણ હદય અને ભવિષ્ય તેમની આગળ બિનશરતી રીતે સોંપી દિધું. મને મારા આંતર હદયમાં આનંદ મળ્યો.

"મારો પ્રીતમ ગોરો તથા લાલચોળ છે, તે દશ હજારમાં શિરોમણિ છે. તેનું માથું ઊત્તમ પ્રકારના સોના જેવું છે, તેની લટો ગુચ્છાદાર તથા કાગડા જેવી કાળી છે. તેની આંખો પાણીના ઝરણા પાસે ઊભેલા હોલા જેવી છે; તે દૂધથી ધોયેલી તથા યોગ્ય રીતે બેસાડેલી છે. તેના ગાલ સુગંધીદ્રવ્યના ક્યારા જેવા, તથા સુગંધીઓની પાળો જેવી છે, જેમાંથી બોળનો અર્ક ઝરતો હોય એવી ગુલછડીઓ જેવા તેના હોઠ છે. તેના હાથ પોખરાજ જડેલી સોનાની વીંટીઓ જેવા છે; નીલમથી મઢેલા હાથીદાંતના કામ જેવું તેનું શરીર છે. તેના પગ ચોખ્ખા સોનાની કૂંભીઓમાં બેસાડેલા સંગેમરમરના સ્તંભો જેવા છે; તેનો દેખાવ લબાનોન જેવો તથા એરેજવૃક્ષો જેવો ઉત્તમ છે, તેનું મુખ અતિ મધૂર છે; હા તે અતિ મનોહર છે. હે યરૂશાલેમની પુત્રીઓ, આ મારો પ્રીતમ અને આ મારો મિત્ર છે." (ગીતોનું ગીત ૫:૧૦-૧૬).

મને ઇસુમાં પવિત્ર મિત્ર મળ્યો અને તેમનો મારા તારનાર તરીકે સ્વીકાર કરવાનો વારસો મળ્યો. આ નિર્ણયે મારા જીવનને ઉપરનીચેથી બદલી નાખ્યું.

હું બોલવામાં અને ભણવામાં ધીમો હતો, મારી પાસે કોઈ રાજકીય પીઠબળ ન હતું કે નહિ કોઈ નાણાકિય સહાય કે માનવી સત્તા. પન પ્રભુ ઇસુ ખ્રિસ્તે મને ઊંચકી લીધો. હવે હું મંદ નથી. તેજ ઇસુ તમને પણ ઊંચકી લેશે. **"તેમની પાસે આવો! તમારા જીવનમાં વૃદ્ધિ નક્કી છે.!!!"**

આ એક મહાન અધિકાર છે જે ઇશ્વરે માનવજાતને આપ્યો છે! જો તમે આગળ આવશો અને આ પસંદ કરશો, તો તે તમારા માટે તમારા જીવનમાં લાભકારક થશે!! તમે આ ક્રિયા મારફત સ્વર્ગનો ખજાનો મેળવવા પાત્ર બનશો!!!

તમારી પાછલી જીંદગી કદાચ કડવાશ ભરેલી હોય પણ તમારે તમારા ભવિષ્ય માટે ગભરાવવાની જરૂર નથી, ગભરાવો નહિ. એક સારા સમાચાર તમારી રાહ જોઈ રહ્યા છે! શું તમે તમારૂં પોતાનું ભવિષ્ય પસંદ કરી શકો છો? આ તમારા હાથોમાં છે! ઇશ્વરે તમારી સાથે ઘણીવાર વાત કરી છે. આજે નિર્ણય લો સમર્પણ સાથે તેમની આજ્ઞા પાળવાનો. નિર્ણય તમારો છે. તમારે બીજા કોઈની સહાય લેવાની જરૂર નથી કેમ કે તે સાગરથી આગળ નથી, તે દૂર સ્વર્ગમાં નથી કે કોઈ ત્યાં ચઢી શકે અને તમને લાવી આપે, વાત એ છે કે તમારે ઇશ્વર વિશે તમારા હૃદયમાં વિશ્વાસ કરવાનો છે અને તમારા મુખથી જાહેર કરવાનો છે. તમે જે વિશ્વાસ તમારા હૃદયમાં બાંધો છો અને તમે જે વચનો તમારા મુખેથી જાહેર કરો છો તેના પર તમારા ભવિષ્યનો આધાર છે.

"કેમ કે આ જે આજ્ઞા હું આજે તને ફરમાવું છું, તે તારી શક્તિ ઊપરાંતની નથી, ને તારાથી ઘણી વેગળી પણ નથી. તે આકાશમાં નથી કે જેથી તું કહે કે, કોણ અમારા માટે આકાશમાં જઈને તે અમારી પાસે લાવીને અમને તે સંભાળાવે કે, અમે તે પાળીએ? વળી તે સમુદ્રને પેલે પાર નથી કે જેથી તું કહે કે, કોણ અમારે સારૂં સમુદ્રને પાર જઈને તે અમારી પાસે લાવીને અમને તે સંભળાવે કે, અમે તે પાળીએ? પણ તે વચન તો તારી પાસે જ, એટલે તારા મુખમાં તથા તારા હૃદયમાં છે કે, જેથી તું તે પાળે." (પૂનર્નિયમ ૩૦:૧૧-૧૪).

ઇશ્વરે જીવન માટેનું રહસ્ય અને લાંબા જીવન અને વિજયવંત જીવન વિશે પૂનર્નિયમ ૩૦:૨૦માં દર્શાવ્યુ છે, સરળતાથી પૂર્ણ ચોક્કસાઈથી. આ તમારા માટે સારૂં લાવશે. એથી તમે કદાચ તમારા પ્રભુ ઇશ્વરને પ્રેમ કરો અને તમે તેમના અવાજને માનશો અને તમે તેમને પકડી રાખશો કેમ કે તેઓ તમારૂં જીવન છે અને તમારા દિવસોની લંબાઈ છે.

## ૧. તમારા ઇશ્વરને પ્રેમ કરો!

આ જાતનો પ્રેમ કેટલાક લોકો દ્વારા ખોટી જગ્યાઓમાં રોકાયો છે, જેમ કે દેહની લાલસા, આંખોની લાલસા અને જીવનનું અભિમાન, "પિતાઓ, મેં તમને લખ્યું છે, કારણ કે જે આરંભથી હતો તેને તમે ઓળખો છો. જુવાનો, મેં તમને લખ્યું છે, કારણ કે તમે બાળવાન છો અને દેવનું વચન તમારામાં રહે છે, ને તમે દુષ્ટને જીત્યો છે. જગત પર અથવા જગતના વાનાં પર પ્રેમ ન રાખો. જો કોઈ જગત પર પ્રેમ રાખે તો તેનામાં પિતા પરનો પ્રેમ નથી. કેમ કે જગતમાં જે સર્વ છે, એટલે દૈહિક વાસના તથા આંખોની લાલસા તથા જીવનનો અહંકાર તે પિતાથી નથી, પણ જગતથી છે. જગત તથા તેની લાલસા જતાં રહે છેઃ પણ જે દેવની ઇચ્છા પૂર્ણ કરે છે તે સદા રહે છે." (૧ યોહાનનો પત્ર ૨:૧૪-૧૭).

જગતના સમાચારોને પકડી રાખો. દરેક જગ્યાએ ત્યાં ખૂનો, ચોરીઓ, બળાત્કારો, આર્થિક ગુનાઓ, વગેરે છે, જે સાધારણ માણસના જીવનને અસર કરે છે. આ બધું થાય છે કારણ કે લોકોએ તેમના પ્રેમને ખોટી જગ્યાઓમાં રોક્યો છે. લોકો ઉત્પનકર્તા, ઇશ્વર વિશે વિચાર કરતા નથી. અને ઘણાએ બનાવેલી બાબતોમાં તેમના વિશ્વાસને રોકયો છે.

પવિત્રશાસ્ત્ર કહે છે, "વળી તારી યુવાવસ્થાના દિવસોમાં તારા સરજનહારનું સ્મરણ કર." (સભાશિક્ષક ૧૨:૧) હવે તો ઘણા લોકોએ તેમના જીવનો રાજકીય આગેવાનો પાછળ વેડફી નાખ્યા છે અને જેઓ બળાત્કાર અને ખૂનોમાં છે તેવાઓની પાછળ, જે હવે વધ્યું છે. તેઓ તેમના ઉત્પનકર્તાને ભુલી ગયા છે. પ્રભુ ઇસુ ખ્રિસ્ત કહે છે, "પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે." (માથ્થી ૬:૩૩). થોડાજ આ હાંકને સાંભળે છે અને તે પ્રમાણે વર્તે છે.

પ્રથમ અર્થ છે, તમારી સર્વ પ્રવૃત્તિઓમાં ઇશ્વરને અગ્રતા આપો. જ્યારે આમ કરશો તો તમે તમારા જીવનમાં આશ્ચર્યો અને ચમત્કારો જોશો.

હું જે તમારી આગળ બોલું તે બાબત મેં મારા જીવનમાં અનુભવી છે. હું તમારી આગળ ખરી સાક્ષી આપી શકું કે મારી બધી સંપત્તિ, સમય, શિક્ષણ, શારીરીક તંદુરસ્તિ વગેરેમાં મેં મારા ઇશ્વરને અગ્રતા આપી છે. તે કારણે હજારોને આશીર્વાદિત કરવામાં ઇશ્વર મારો ઉપયોગ કરી રહયા છે. તમે પણ આગળ આવો! ઇશ્વર તમારૂં જે કંઈ હોય તે લઈ લેશે નહિ. ઇશ્વર તમને અને તમારા કામોને અનેકગણા સમૃદ્ધ કરશે અને તમને અને તમારી પેઢીને પણ અઢળક આપશે.

જે લોકો તેમના પ્રેમને દેહની લાલસા, ચક્કર ચઢે તેવા આનંદોમાં અને પ્રલોભક આનંદોમાં અને પ્રેમ બાબતોનાં રોકે છે, તેઓ તેમનો પ્રેમ ઇશ્વર પર મુકી જુઓ અને પરિણામો જુઓ. આ એક પડકાર છે. પ્રભુ ઇસુ જેવો કોઈ સાચો પ્રેમી અને મિત્ર આ જગતમાં નથી.

ઘણા લોકો આંખના પાપો અને પૈસાની લાલસાને કારણે પીડાય છે અને તેમાંથી બહાર આવી શકતા નથી. તેમના પાપોને પરિપૂર્ણ કરવા, આધુનિક શોધખોળો જેવી કે દુરદર્શન, ઇન્ટરનેટ અને મોબાઈલ તેમની મદદે આવે છે. કેટલાક લોકો તેમના માનેલા હિરોથી, તેમની વર્તણુકથી અને સંપતિથી આર્કષાય છે. તેઓ ગુનાઓમાં સપડાય છે અને જેલોમાં જાય છે અને હોસ્પિટલોમાં અસાધ્ય રોગોથી પીડાતા જાય છે.

વહાલાઓ, આજે તમે તમારો પ્રેમ ક્યાં રોક્યો છે? શું તે તમે સાચી જગ્યામાં રોક્યો છે? શું તમે તેના અંતની કલ્પના કરી છે? જો ઇશ્વર તમારી પ્રવૃત્તિઓ માટે શિક્ષા કરે તો, કાદવમાંથી બહાર આવો અને ઇસુનો પવિત્ર ચહેરો જુઓ.

જીવનની વાસના તો ખતરનાક છે. જેઓ ઇશ્વરનો વિરોધ કરે છે તેમને ઇશ્વર અભિમાની માને છે. ઇશ્વર અભિમાનનો પ્રતિકાર કરે છે. (યાકૂબનો પત્ર ૪:૬). કેટલાક લોકો જો કે તેઓ ગરીબ હોય, તો પણ પોતાની જાતને પૈસાદાર બતાવે છે. જ્યારે તેઓ કોઇક દ્વારા ઓળખાય છે કે તેઓ કોણ છે, તેઓ તેની અવગણના કરે છે. ઇશ્વર નમ્રને કૃપા આપે છે. (યાકૂબનો પત્ર ૪:૬). તેથી, "જગત પર અથવા જગતમાંના વાનાં પર પ્રેમ ન રાખો. જો કોઈ જગત પર પ્રેમ રાખે તો તેનામાં પિતા પરનો પ્રેમ નથી." (૧ યોહાનનો પત્ર ૨:૧૫).

## ૨. ઇસુ ખ્રિસ્તના અવાજને સાંભળો

ઇસુ ખ્રિસ્ત લોકોને માણસો, સામયિકો અને પ્રસાર માધ્યમ મારફત બોલાવે છે. તેઓ તમને પણ બોલાવે છે. તેઓ તમને નવું જીવન આપવા માગે છે! **"ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ."** (માથ્થી ૧૧:૨૮)

ઘણા લોકો એવી વ્યક્તિઓથી છેતરાય છે જેઓ પોતાને ઇશ્વરના સંદેશવાહક કે અવતાર

(પાન ૬ પર...)


### ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

**૧. બાઈબલકોર**

અમે એક પત્રવ્યવહાર અભ્યાસક્રમ રજુ કરીએ છીએ જે બાઈબલના મળભૂત સત્યો વિશે છે જે નવા ખ્રિસ્તીઓ અને બીન-ખ્રિસ્તીઓ માટે અંગ્રેજી, હિન્દી અને તામિલમાં ચાલે છે. તમે અભ્યાસક્રમનું પુસ્તક કે જેનુ મથાળું-"નવુ જીવન-તમારા માટે" છે અને જે ૭૦ પાનાનું છે, તે મેળવી શકશો. અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી, તમને એક પ્રમાણપત્ર મળશે. **આ માટે શુલ્ક ફી ફરજીયાત નથી.** આ અભ્યાસક્રમ ફક્ત ભારતમાં રહેતા ઉમેદવારો માટે જ છે.

**૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ**

અદ્યતન અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** કહેવાય છે, તે પાળકો માટે, સુવાર્તિકો માટે અને ખ્રિસ્તી આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક આના માટે લેવામાં આવે છે. સાત પુસ્તકો, ૧૪૨ પ્રકરણો સાથે આપવામાં આવે છે. **મિનિસ્ટ્રીમાં પ્રમાણપત્ર** આપવામાં આવશે.

*For more details, write to us:*

**The Chairman, Nehemiah Bible College, Echo of His Call**
10, Mohammed Abdullah 2nd Street, Opp. Cricket Stadium,
Chepauk, Chennai - 600 005, India.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766, Cell : (+91) 98410 71852 95661 31858. E-mail : biblecor@yahoo.co.in**


**અમારી બેન્ક ખાતાની જાણકારી નીચે મુજબ છે મહેરબાની કરીને તમારા રકમની વિગતો અમને જણાવો.**

The details of our Bank Accounts are given below. Please inform us the details of your remittances.

| Bank | Branch | Name | IFSC Code No. | Account Number |
|---|---|---|---|---|
| 1. STATE BANK OF INDIA | Triplicane, Chennai -5 | S. Sam Selva Raj | SBIN 0000249 | 102329 34679 |
| 2. ICICI BANK | Anna Salai, Chennai -2 | Echo of His Call | ICIC 0006038 | 6038 05022319 |

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર૧૨:૧૩), અને ઝડપ કરવી (૨ તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ અને પ્રાર્થનાની વિનંતીઓ / મુદ્દાઓ- ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૦ થી ૧૮ માર્ચ ૨૦૨૦ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ઈશ્વર કાર્ય કરે છે. સ્તુતિનાં મુદ્દાઓ / વિનંતિઓ

૧૯ ફેબ્રુઆરી : આપણા સમર્પિત કામગારો અને તેમની એકતા માટે આપણા પ્રભુ ઇશ્વરની સ્તુતિ થાઓ.

૨૦ ફેબ્રુઆરી : અમારા **ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીજના** સર્વ સમર્થકો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૧ ફેબ્રુઆરી : અમારા તકનીકી કર્મચારી વર્ગના સભ્યો અને તેમના પરિવારો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૨ ફેબ્રુઆરી : ઇશ્વર અમારા મુખ્ય ચર્ચમાં ચાલતી પાંચ ભાષાઓમાંની સાત ભજનસેવાઓને આશીર્વાદિત કરે છે.

૨૩ ફેબ્રુઆરી : ઇશ્વરે અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોને આશીર્વાદ આપ્યો છે.

૨૪ ફેબ્રુઆરી : અમારી સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાના પ્રાધ્યાપક, શિક્ષકો અને કર્મચારી વર્ગના સભ્યો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૫ ફેબ્રુઆરી : ઇશ્વરે અમારૂં સુવાર્તા સાહિત્ય જે ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલાય છે, તેને આશીર્વાદિત કર્યુ છે.

૨૬ ફેબ્રુઆરી : અમારી હૉસ્પિટલ મિનિસ્ટ્રીમાં ઇશ્વર ચમત્કારો કરે છે.

૨૭ ફેબ્રુઆરી : આવો **ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીજના** આપણા પ્રાર્થના ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૮ ફેબ્રુઆરી : પાછલા વર્ષમાં ઇશ્વરે કૃપાળુરીતે અમને વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા સાથે જવામાં સહાય કરી.

૨૯ ફેબ્રુઆરી : અમારા મુખ્ય ચર્ચના સહકાર્યકરો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૦૧ માર્ચ : પાછલા મહિનાની અમારી **ઇકો ઓફ હીઝ કોલ** ચર્ચોની સર્વ પ્રવૃત્તિઓને ઇશ્વરે આશીર્વાદિત કરી છે.

૦૨ માર્ચ : અમારા વાહનો અને વાહન ચાલકોના રક્ષણ માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૦૩ માર્ચ : ઇશ્વર આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને દરેક દુષ્ટ પરિબળોથી રક્ષણ આપે છે.

## પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતિઓ

૦૪ માર્ચ : આ મહિનાની **ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીજની** સર્વ નાણાકીય જરૂરીયાતો પૂરી પાડવા ઇશ્વરને પ્રાર્થના કરીએ.

૦૫ માર્ચ : બાઈબલકોર-મૂળભૂત બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અને ઇશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ માટે આવો પ્રાર્થના કરીએ.

૦૬ માર્ચ : સર્વ નશા બંધાણીઓ તેમના વ્યસનમાંથી મુક્ત થાય.

૦૭ માર્ચ : આપણા દેશનાં સર્વ જુવાન છોકરાઓ અને છોકરીઓ ઇશ્વરની સમીપ રહેવા જોઈએ.

૦૮ માર્ચ : મિશન વિસ્તારોમાં કામ કરતા કામગારો માટે ઇશ્વરે આપણા ચર્ચ સભાસદોને પ્રાર્થનાની ભાવના આપવી જોઈએ.

૦૯ માર્ચ : આપણા આફ્રિકન્સ સહસંપાદક બહેન મારીએટજે નેલ્સન અને તેમના પરિવારના સભ્યો અને સહાયકો માટે આવો પ્રાર્થના કરીએ.

૧૦ માર્ચ : દુનિયામાં સર્વત્ર શાંત સ્થપાય માટે આવો ઇશ્વરને પ્રાર્થના કરીએ.

૧૧ માર્ચ : ઇશ્વર અમારા **નહેમ્યાહ બાઈબલ કોલેજોમાં** વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે યોગ્ય વિદ્યાર્થીઓ પૂરા પાડે.

૧૨ માર્ચ : દરેક દેશોની આત્મિક જાગૃતિ માટે પ્રાર્થના કરવા ઇશ્વર વધુ પ્રાર્થના યોધ્ધાઓ તૈયાર કરે.

૧૩ માર્ચ : અમારા સુવાર્તા છાપખાનામાં ફોલ્ડિંગ મશિન અને પીનીંગ મશિન મેળવવા માટે જરૂરી નાણાકીય સહાયતા આપણા પ્રભુ ઇશ્વર પુરી પાડે.

૧૪ માર્ચ : આપણા રાજકીય આગેવાનોને ઇશ્વર તારણનો અનુભવ કરાવે.

૧૫ માર્ચ : આપણા **ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીજના** વધુ વિકાસ અને પ્રસાર માટે આવો ઇશ્વરને પ્રાર્થના કરીએ.

૧૬ માર્ચ : દુનિયાભરના સર્વ અવિશ્વાસીઓ અને આતંકવાદિઓમાં પસ્તાવો કરવાની ભાવના પેદા થાય માટે પ્રાર્થના કરીએ.

૧૭ માર્ચ : અમારા મુખ્ય કાર્યાલય અને શાળામાં ઇશ્વર પ્રભુ કૃપા કરીને પૂરતા પ્રમાણમાં કર્મચારી સભ્યો પૂરા પાડે.

૧૮ માર્ચ : અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને ઇશ્વર કૃપા કરીને દુનિયાના દરેક દુષ્ટ અત્યાચારોથી રક્ષણ આપવાનું ચાલુ રાખે.

(પાન૪ થી આગળ...)

તરીકે દાવો કરે છે. પણ કોઈ પણ ઇસુની પાછળ ચાલવાને કારણે ગરીબ થતા નથી. ઇસ્રાએલના રાજા, દાઉદે જાહેર કર્યુ હતું, "હું જુવાન હતો અને હવે ઘરડો થયો છું; પણ ન્યાયીને તજેલો કે તેના સંતાનને ભીખ માંગતા મેં જોયો નથી." (ગીતશાસ્ત્ર ૨૭:૨૫).

"હે પરાક્રમી દૂતો, યહોવાને દો, ગૌરવ તથા સામર્થ્ય યહોવાને દો. યહોવાના નામનું ગૌરવ તેને દો; પવિત્રતાની શોભા ધારણ કરીને યહોવાને ભજો. યહોવાનો સાદ પાણી પર ગાજે છે; ગૌરવવાન દેવ ગર્જના કરે છે, હા, યહોવા ઘણા પાણી પર ગર્જના કરે છે. યહોવાનો સાદ સમર્થ છે; યહોવાનો સાદ માહાત્મ્યથી ભરપૂર છે. યહોવાનો સાદ દેવદારોને ભાંગી નાખે છે; હા, યહોવા લબાનોનનાં દેવદારોનાં ટુકડેટુકડા કરી નાખે છે. વળી તે તેઓને વાછરડાની પેઠે કુદાવે છે; જંગલી ગોધાના બચ્ચાની પેઠે તે લબાનોન તથા સિર્યોનને કુદાવે છે. યહોવાનો સાદ અગ્નિની જવાળાને ભેદે છે. યહોવાનો સાદ અરણ્યને ધ્રુજાવે છે; યહોવા કાદેશના અરણ્યને ધ્રજાવે છે; યહોવાના સાદથી હરણીઓના ગર્ભ ગળી જાય છે અને ઝાડીઓના ડાળાપાખંડા તુટી પડે છે; અને તેના મંદિરમાં સઘળાં કહે છે કે, ગૌરવ! યહોવા જળપ્રલય સમયે બિરાજ્યો હતો; વળી યહોવા સર્વકાળ રાજા તરીકે બિરાજનાર છે. યહોવા પોતાના લોકને સામર્થ્ય આપશે. યહોવા પોતાના લોકને આશીર્વાદ દેશે." (ગીતશાસ્ત્ર ૨૯:૧-૧૧)

પ્રભુ ઇસુ ખ્રિસ્ત તમને આતુરતાપૂર્વક બોલાવે છે. આ નવા વર્ષમાં તેઓ તમને નવું જીવન આપવા માગે છે અને જુઓ કે તમે શ્રેષ્ઠ છો. આ સંદેશા દ્વારા પ્રભુ ઇસુ ખ્રિસ્ત તમારા હૃદયને ઠોકે છે. મહેરબાની કરીને અવગણના ન કરો.

તમે કદાચ લાંબા સમયથી ખ્રિસ્તી હોઈ શકો! તમે કદાચ ઇશ્વરની સેવા કરી હોય!! તમે કદાચ દાન તરીકે ઘણા નાણાં આપ્યા હોય!!! તો પણ ઇશ્વરને તે વાતની ચિંતા છે કે તમે તમારો **પ્રથમનો પ્રેમ** ગુમાવ્યો છે. (પ્રકટીકરણ ૨:૪).

વખત જતા કોઈકે તેનો / તેણીનો પ્રાર્થના સમય કદાચ ઘટાડીયો હોય. જીવનમાં તેજ પ્રાર્થના અને પવિત્રતાનો અભાવ હોય. તેઓ કદાચ પૈસાની બાબતમાં અને અંગત જીવનમાં ઓછા વિશ્વાસુ થયા હોય. પણ તરત ખરી બાબતો કરો. પ્રભુ ઇસુ જેમણે તમારા જીવનોમાં મધ્યસ્થી કરી હોય, તેઓ કદાચ અચાનક આવી જાય. "કેમ કે તમે પોતે સારી પેઠે જાણો છો કે જેમ રાતે ચોર આવે છે તેમ પ્રભુનો દિવસ આવે છે." (૧ થેસ્સલોનિકીઓને પત્ર ૫:૨). અંત સમય પછી પસ્તાવાનો કોઈ અવકાશ નથી. પ્રભુ ઇસુ સફેદ સિંહાસન પર બેસશે અને દુનિયાનો ન્યાય કરશે. જેઓ તેમની પાસે આવે છે તે આશીર્વાદ પામે છે!

## જે બનાવો તરત બનવા છે તે ખંતથી વાંચો

"પછી મેં મોટું શ્વેત રાજ્યાસન જોયું, અને તેના પર બેઠેલા પુરૂષને જોયો, તેની સમુખથી પૃથ્વી તથા આકાશ જતા રહયાં; અને તેઓને સારૂ કોઈ સ્થાન મળ્યું નહિ. પછી મેં મુએલાને, મોટા અને નાના સર્વને, દેવની સમક્ષ ઊભાં રહેલાં જોયા; અને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં, અને એક બીજું પુસ્તક જે જીવનનું પુસ્તક છે તે પણ ઉઘાડવામાં આવ્યું; તે પુસ્તકોમાં જે જે લખેલું હતું તે પરથી મુએલાંઓનો તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો. સમુદ્રે પોતાનામાં જેઓ મૂએલાં હતાં તેઓને પાછાં આપ્યાં, અને મરણે તથા હાદેસે પણ પોતાનામાં જેઓ મૂએલા હતા, તેઓને પાછા આપ્યા; અને દરેકનો ન્યાય તેની કરણીઓ પ્રમાણે કરવામાં આવ્યો. મરણ તથા હાદેસને અગ્નિની ખાઇમાં નાખવામાં આવ્યાં. અગ્નિની ખાઈ એ જ બીજું મરણ છે. જો કોઈ જીવનપૂસ્તકમાં નોંધેલો માલૂમ પડયો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો." (પ્રકટીકરણ ૨૦:૧૧-૧૫)

## શું આપણે છટકી શક્યા નથી ?

"હે ઇસ્રાએલ, તને ધન્ય છે; યહોવા જે તારી સાહ્યની ઢાલ તથા તારી ઉત્તમતાની તરવાર, તેનાથી તારણ પામેલી તારા જેવી પ્રજા બીજી કઈ છે? અને તારા શત્રુઓ તારે તાબે થશે; અને તું તેઓનાં ઉચ્ચસ્થાનો ખુંદી નાખશે." (પૂનર્નિયમ ૩૩:૨૯).

## ૩. તેઓ તમારૂં જીવન અને લાંબી આવરદા છે, તેમને પકડી રાખો.

વહાલાઓ મારા લાંબા જીવનમાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને પકડી રાખવાનું મીઠુ અને ફળદાયક છે. મેં આ ચાખીને પછી કહયું છે. જો તમે આ તક ગુમાવશો, તો તમને ઘણી બાબતોમાં નુકસાન થશે અને ગુમાવનારોની પ્રથમ હરોળમાં તમે ઊભા રહેશો. તમે કદાચ ઇસુને ન સ્વીકારવાથી અને વિજયવંત જીવન ન જીવવાથી પસ્તાવો કરવો પડે તેથી, આ ઉત્તમ સમય છે તમારા માટે ઇસુ પાસે આવવાનો! તમે આશીર્વાદિત થશો!! પ્રભુ ઇસુ ખ્રિસ્તને તમારૂં સંપૂર્ણ જીવન સમર્પિત કરી દો. તેઓ તમને આશિર્વાદીત અને લાંબો જીવન અપાસે! ચાલો તમારા જીવનના અનુભવ માટે નીચે દર્શાવેલી ગીતોને પંક્તીયો.

૧. મારૂં જીવન લો અને તે પવિત્ર થવા દો,
ઓ ઇશ્વર તમે; મારી પળો અને મારા દિવસો લો.
તેમને અવિરત સ્તુતિમાં વહોવા દો,
તેમને અવિરત સ્તુતિમાં વહેવા દો,

૨. મારા હાથો લો, અને તેમને ચલાવો,
તેમના આવેશી પ્રેમ પર; મારા પગો લો અને તેમને તમારા માટે ચપળ અને સુંદર કરો, ચપળ અને સુંદર કરો.

૩. મારો અવાજ લો અને મને સદા ગાવા દો,
સદા ફક્ત મારા રાજા માટે;
મારા હોઠ લો, અને તેમને તેમનાં સંદેશાઓથી ભરી દો,
સંદેશાઓથી ભરી દો.

૪. મારૂં સોનું અને ચાંદી લો, હું કશું પણ રાખુ નહિ; મારી બુદ્ધિ લો અને તેઓ જેમ ચાહે દરેક શક્તિ વાપરો, તેઓ જેમ ચાહે દરેક શક્તિ વાપરો.

૫. મારી ઇચ્છા લો અને તેને તમારી કરો;
તે મારી હવે રહેશે નહિ; મારૂં હૃદય લો, તે તમારૂં છે,
તે તો તમારૂં રાજવી સિંહાસન હશે.
તે તો તમારૂં રાજવી સિંહાસન હશે.

૬. મારો પ્રેમ લો; મારા પ્રભુ, તેને મેં તેમના પગ આગળ ઠાલવી દિધું છે ખજાના તરીકે.
મારી જાતને લો, હું સદાય ફક્ત તેમના માટે રહીશ, સદાય તેમના માટે રહીશ.

◆◆◆

# એકબીજાને દિલાસો આપો !

આપણા સમાજમાં એવા ઘણા બધા લોકો હોય છે, જેઓને દિલાસાની જરૂર હોય છે. આપણે જોઈએ છીએ કે લોકો તેમને દિલાસો આપવાને બદલે તિરસ્કાર કરે છે. જ્યારે ગરીબ માણસ નાણાકીય સહાય માટે પૈસાદાર માણસ પાસે જાય છે, ત્યારે તે તેની તરફ બૂમો પાડે છે અને તેને હાંકી કાઢે છે. જ્યારે એક અભણ માણસ જીવન-નિર્વાહ માટે રસ્તો શોધે છે ત્યારે તેનું શોષણ થાય છે અને તેને ફસાવવામાં આવે છે. કોઈ માંદગીને બીછાને પડેલા માણસને દિલાસો આપવાને બદલે, તેને કવેણ કહેવામાં આવે છે જેને કારણે તે વધુ માંદો પડે છે.

તેથી આવા લોકો માટે ઇશ્વર બતાવે છે, "મંડળીનો મેળાવડો" જેમાં તેમને દિલાસો મળી શકે. પવિત્રશાસ્ત્રમાં પાઊલ મારફત ઇશ્વર આપણને શીખવે છે એકબીજાને દિલાસો આપવા વિશે. (૧ થેસ્સલોનિકીઓને પત્ર ૪:૧૮). પાઊલ આપણને ફક્ત આજ્ઞા જ આપતો નથી પણ તે આજ્ઞા કેવી રીતે પાળવી તે વિશે વિસ્તારથી સમજાવે છે. તે લખે છે, "તેથી આ વચનો વડે એકબીજાને દિલાસો આપો!" આ સંદેશા દ્વારા ઇશ્વર આપણી સાથે બોલે છે કે કેવી રીતે દિલાસો આપવો અને કેવી રીતે દિલાસો મેળવવો.

ઇશ્વર આ સંદેશામાં ત્રણ મહત્ત્વની બાબતો પ્રગટ કરે છે. (૧ થેસ્સલોનિકીઓને પત્ર ૪:૧૬-૧૮). બીજા વચનો કરતા વધારે, "આ વચનો" માં ઊંડો અર્થ છે અને તે સહાયરૂપ છે.

## ૧. ઇશ્વર પોતે (ઇસુ) ઉતરી આવશે

ઇ.સ.ની પ્રથમની સદીમાં ખ્રિસ્તીઓ હેરોદ જેવા રાજાઓ દ્વારા સતાવણી પામ્યા. ઘણા શહિદો તરીકે મૃત્યૂ પામ્યા. તે વખતના વિશ્વાસીઓમાં સમૃદ્ધિની બાબતમાં વિશ્વાસ ન હતો. પિતર, યોહાન અને પાઊલ જેવા પ્રેરિતોએ સમૃદ્ધિ વિશે કશું શીખવ્યું ન હતું. પણ તેમની પાસે "સંકેત શબ્દ" ખાસ તેમને માટે હતો અને તે તો **"મારાનાથા"** હતો જેનો અર્થ છે, **"ઇસુ આવે છે."** આ શબ્દો અને વિશ્વાસ શરૂઆતના ખ્રિસ્તીઓમાં જોવા મળતો હતો જે તેમને પ્રભુ ઇસુ ખ્રિસ્તને મળવા માટે પાપરહિત પવિત્ર જીવન જીવવા માટે પુર્નજીવિત કરતા પ્રોત્સાહિત કરતો હતો. આ જગતના મોહક આશીર્વાદો કરતા સ્વર્ગનો મહાન વારસો તેમના માટે વધુ આકર્ષિત હતો. તેઓ મંડળીઓમાં નિરંતર ઇશ્વરની સ્તુતિ કરતા હતા. મુશ્કેલી વઠેતી વખતે પણ તેઓ જાહેર કરતા **"કેમ કે મને જીવવું તે ખ્રિસ્ત, અને મરવું તે લાભ છે."** (ફિલિપ્પીઓને પત્ર ૧:૨૧). જ્યારે તેઓની સામે ખટલાઓ ચાલતા ત્યારે તેઓ હિંમતથી કહેતા, "ભાઈઓ, મેં પકડી લીધું છે એમ હું ગણતો નથી; પણ એક કામ હું કરૂં છું, એટલે કે જે પછવાડે છે તેને વીસરીને અને જે આગળ છે તેની તરફ ધાઈને, ખ્રિસ્ત ઇસુમાં દેવના સ્વર્ગીય આમંત્રણના ઇનામને વાસ્તે, નિશાનની ભણી આગળ ધસું છું." (ફિલિપ્પીઓને પત્ર ૩:૧૩,૧૪).

રોગનો ઇલાજ થઈ શકે છે પણ તે તો અંત નથી. જેમ વરસાદ પછી વાદળો વારંવાર દેખા દે છે, તેમ રોગ એક પછી એક કોઈકના જીવનમાં આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ તેનું દેવું ચુંકવી દે છે ત્યારે તે રાહત અનુભવે છે. પણ આ રાહત કાયમી નથી. આ જાણીને, શરૂઆતના અભિષિક્ત ખ્રિસ્તીઓ જેઓ ઇસુ ખ્રિસ્તના સામર્થ્યને સમજ્યા હતા, તેઓએ એકબીજાને દિલાસો નહિ આપ્યો. પણ જ્યારે પણ તેઓને એકબીજાને દિલાસો આપવો પડતો, ત્યારે દુન્યવી રીતે કહેતા, "મારાનાથા.!"

આજે આપણે એકબીજાને કેવી રીતે દિલાસો આપીએ છીએ ? આ દિવસોમાં આપણે કેવીરીતે દિલાસો પામીએ છીએ ? જ્યારે કેટલાક નાણાં મળે ત્યારે આપણને દિલાસો મળે છે ? જ્યારે કોઈ રોગથી આપણે મુક્ત થઈએ છીએ ત્યારે શું આપણને દિલાસો મળે છે ? ઉચ્ચ પગારની નોકરીને કારણે શું આપણને દિલાસો મળે છે ? આ બધી બાબતો આવશ્યક છે. આ બધી બાબતોના દિલાસા ઉપરાંત આપણી પાસે એક કાયમી દિલાસો છે. ઇસુનું બીજી વારનું આવવું આપણા માટે કાયમી દિલાસો છે. આવો આપણે આપણી જાતને કાયમી દિલાસા માટે તૈયાર કરીએ. આ વચનો દ્વારા ઇશ્વર આપણને કૃપા આપે બીજાઓને દિલાસો આપવા માટે.

## ૨. અને ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે તેઓ પ્રથમ ઉઠશે
## ૧ થેસ્સલોનિકીઓને પત્ર ૪:૧૬

મૃત્યુ તો દરેકના જીવનમાં પીડાદાયક અનુભવ છે. આપણે એવી પરિસ્થિતિઓમાં હોઈએ છીએ જ્યાં જેઓએ પોતાના વહાલાઓને ગુમાવ્યાં હોય તેવા લોકોને કેવી રીતે દિલાસો આપવો તે વિશે આપણે વિચારતા હોઈએ છીએ. ખ્રિસ્તીઓ તરીકે આપણે આવા લોકોને મળીએ છીએ અને કહીએ છીએ, "મૃત વ્યક્તિને કારણે થયેલા અવકાશને ઇશ્વર ભરી શકે તો સારૂં." બીજાઓ આવા લોકોને માનસિક રીતે અથવા બૂધ્ધિપૂર્વક મળે છે અને તેમને દિલાસો આપવાનો પ્રયત્ન કરે છે. જો કે આપણે કંઈક અંશે દિલાસો મેળવીએ છીએ, કાયમી દિલાસો ફક્ત સંત પાઊલના શબ્દોમાં જ મળે છે. નીતિવચનોમાં આપણે વાંચીએ છીએ,

"સદાચારીને પોતાના મોતમાં આશા હોય છે." (૧૪:૩૨). પ્રામાણિક માણસમાં મૃત્યુ પછીના સાર્વકાલિક જીવન વિશે મજબૂત વિશ્વાસ હોય છે જ્યારે તે મૃત્યુ પામવાનો હોય છે ત્યારે. અને તે જાણે છે જ્યારે ખ્રિસ્ત આ દુનિયામાં પરત આવશે ત્યારે તે સારે નસીબે પ્રથમ ઉઠશે. મરીયમ, જેણે પૂનરુત્થાન પામેલા ખ્રિસ્તને પ્રથમ જોયા હતા, તે આનંદથી ઉભરાઈ ગઈ હતી. તેજ રીતે, શું આ મોટા આનંદની વાત નથી તે જાણીને કે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ, જે સંતો મૃત્યુ પામ્યા છે, તેઓ તેમને પ્રથમ જોશે અને નહિ કે જે સંતો જીવતા છે? આ આનંદ મનમાં રાખીને સંત પાઊલ લખે છે. **"અરે મરણ, તારો જય ક્યાં? અરે મરણ, તારો ડંખ ક્યાં?"** આ વચનો સાથે, આવો જેઓ માંદા છે અને જેમણે તેમના વહાલાઓ ગુમાવ્યા છે, તેમને દિલાસો આપીએ. તે જ સમયે, ઇશ્વર ઇચ્છે છે કે આપણે આપણી જાતે ચર્ચમાં ભેગા મળીએ, જ્યાં લોકો એકબીજાને દિલાસો આપે છે. તેથી જ્યારે પ્રભુ ઇસુ ખ્રિસ્ત બીજી વાર પરત આવશે ત્યારે આપણે પ્રથમ ઉઠવાના અધિકારનો આનંદ મેળવશું.

## આપણે હમેશાં ઇશ્વરની સાથે રહીશું

**"ખ્રિસ્તની સાથે હમેશાં જીવવું"** એ તો સર્વ આશાઓમાં મોટામાં મોટી આશા છે અને આ આશા એ છે જે ઇશ્વરે તેમના લોકોને આપી છે જેઓ તેમના પર વિશ્વાસ રાખીને જીવે છે. સંત પાઊલ લખે છે કે તેને ઇચ્છા છે, **"દેહમાંથી નીકળવાની અને ખ્રિસ્તની સાથે રહેવાની."** (ફિલિપ્પીઓને પત્ર ૧:૨૩).

જેઓ એકલવાયું જીવન જીવે છે તેઓ ક્યારે પણ દિલાસો મેળવતા નથી. માણસ એકલતાની અને ખાલીપણાની પરિસ્થિતિ સહન કરવામાં નિષ્ફળ જાય છે. આવા પ્રસંગોએ, તે આનંદદાયક બાબત છે કે ખ્રિસ્ત પાછા આવવાનાં છે જે આપણને ખરેખરો દિલાસો આપે છે. આપણે તે પણ ચોક્કસ જાણવું જોઈએ કે ઇશ્વરની સાથે સદાય રહેવાનો આનંદ કોણ લેશે. જો કે આપણને ખાત્રી છે કે આવુ જીવન અનંતકાળમાં છે, તો પણ આપણે આ જગતમાં જ ખ્રિસ્તની સાથે જીવન જીવવાની જરૂર છે. આવા જીવનથી આપણને દિલાસો મળશે અને તેમના બીજી વખતના પરત આવવા વખતે તેમની સાથે હમેશાં રહેવા તૈયાર કરશે. **"હનોખ દેવની સંઘાતે ચાલ્યો."** (ઉત્પતિ ૫:૨૪). **"પણ ઇશ્વર પાસે આવવું, તેમાં મારૂં કલ્યાણ છે."** (ગીતશાસ્ત્ર ૭૩:૨૮). આપણે ગીતકર્તાને એમ કહેતા જોઈએ છીએ કે તે સંતુષ્ટ છે એ જાણીને કે તે ઇશ્વર સાથે સદા રહેશે. જ્યારે ખ્રિસ્ત મરીયમના પેટમાં હતા, તેણીનો **"આત્મા, તેના તારનાર, દેવમાં હરખાયો."** (લૂક ૧:૪૭). ખ્રિસ્ત સાથેની સંગત ખરેખર આવશ્યક છે ખ્રિસ્તીઓના જીવનમા સફળ થવા માટે. મોટામાં મોટો દિલાસો છે એ જાણીને કે ઇશ્વર પ્રભુ આપણી સાથે છે. ઇસુ કહે છે, **"જુઓ હું બારણા આગળ ઊભો રહીને ઠોકું છું; જો કોઈ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેની પાસે માંહે આવીને તેની સાથે જમીશ, ને તે મારી સાથે જમશે."**(પ્રકટીકરણ ૩:૨૦). જેઓ આ કિંમતી આમંત્રણ સ્વીકારે છે, તેઓ દિલાસો મેળવશે. સુલેમાનની જેમ, જેણે કહયું કે, "તે મને ભોજન કરવાને ઘેર લાવ્યો, અને તેની પ્રતિરૂપી ધ્વજા મારા પર હતી." (ગીતોનું ગીત ૨:૪). ચાલો તેમના પ્રેમની ધ્વજા હેઠળ જીવીએ. ત્યારે આપણે ખરેખર દિલાસો પામીશું ઇશ્વરની કૃપા તમારી સાથે હો.

◆◆◆


**ઇકો ઓફ હીઝ કોલ જાહેરાત દરો**

| કદ/માપ | એક ભાષા | બધી ૧૬ ભાષાઓમાં |
|---|---|---|
| ૫ા પાનુ | રૂ. ૨,૦૦૦ | રૂ.૩૦,૦૦૦ |
| અડધુ પાનુ | રૂ. ૩,૫૦૦ | રૂ.૫૦,૦૦૦ |
| પૂર્ણ પાનું | રૂ. ૫,૦૦૦ | રૂ.૭૦,૦૦૦ |


## સમાચારો

## બાળ વિવાહ વિરૂદ્ધ લડત

બાળ વિવાહના દર પાછલા ત્રણ દસકામાં લગભગ ૫૦% થી ૨૭% જેટલા નીચે આવ્યા છે (2016 UNICEF). તેમ છતાં પણ ભારતમાં બાળવિવાહ રોપના પ્રમાણની જેમ વધ્યો છે. દરરોજ, ૧૫,૬૦૦ છોકરીઓના (અથવા ૧૫૦ લાખ નવવધુઓ દર વર્ષના વૈશ્વિક દરના હિસાબે અંદાજે દર વર્ષે ૬૦ લાખ) બાળ વિવાહો ભારતમાં થાય છે. છોકરીઓને શાળાઓ છોડવા મજબૂર કરવામાં આવે છે અને તેઓ તેમના ઘણીના ઘરમાં ગુલામ બને છે. તેઓ પર મૃત્યુનું જોખમ રહે છે જો તેઓ ગર્ભવતી થાય તો કારણ કે તેણીઓના શરીરો બાળકોને જન્મ આપવા તૈયાર હોય તેટલા વિકસિત નથી હોતા.

એક વ્યક્તિ કે જે બાળ વિવાહની વિરૂદ્ધ ઝુંબેશ ઉઠાવી રહ્યા છે અને પાછલા ૪૦ વર્ષોથી છોકરીઓ માટેના સમાન હક્કો માટે લડત ચલાવી રહયા છે, તેઓ ડોક્ટર અશોક ધ્યાનચંદ છે. ક્રિશ્ચિયન મેડીકલ કોલેજ, વેલ્લોરનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી, ડોક્ટર અશોક લાખો બાળકો દ્વારા ૨૦૧૯ના ચાઈલ્ડ રાઈટસ હીરો તરીકે પસંદગી પામ્યા છે અને તેઓને વર્લ્ડ ચિલ્ડરન પ્રાઇજ (WCP) મળયું છે, જે "બાળકોનું નોબેલ પ્રાઈઝ." સમાન છે. અશોક અને તેમની સંસ્થા IHMP એ ૧૯૭૫થી છોકરીઓનાં મંડળો સ્થાપ્યા છે, જેની મારફત ૫૦૦ ગામડાની ૫૦,૦૦૦ છોકરીઓ તેમના હક્કો વિશે શીખી શકી છે અને લાઈફ સ્કીલ શિક્ષણ મેળવી શકી છે. જાણકારી અને સ્વ-આત્મવિશ્વાસ અને એકબીજાની સહાય થકી, છોકરીઓ તેમને બાળ વિવાહમાં ધકેલવાની વિરૂદ્ધ અને તેને બદલે તેઓને શિક્ષણ પુરૂ કરવા દેવા બાબતમાં તેમના માતાપિતાઓને સમજાવી શકી છે.

(સંદર્ભ : https://worldch:idrchprice.org/achokstory )

-ફોરરનર (ઓગસ્ટ ૨૦૧૯)



# ખાડામાંથી મહેલમાં

(Life experiences of Pastor S. Sam Selva Raj)

*"whoever reads, let him understand"* (Matthew 24:15)

૧૯૮૨ માં, મારે મિનિસ્ટ્રીની હેઠળ ઘણી મુસાફરીઓ કરવી પડી હતી અને તે જ સમયે, મારે મારી સ્થાનિક મિનિસ્ટ્રી પર ધ્યાન આપવું પડતુ હતું. તે દિવસોમાં, મને મારા જમણા હાથમાં ઘણા દુઃખવાનો અનુભવ થયો હતો. તેને પરિણામે, હું સામયિકો માટે લેખો લખી શકતો ન હતો અને હું બીજી કોઈ જવાબદારીઓ પાર પાડી શકતો ન હતો. હું પેન પકડી શકતો ન હતો અને કોઈ વાહન પણ ચલાવી શકતો ન હતો. જો હું મારા જમણા હાથને દેખલ પર મુકવા માંગુ તો હું તે મારા ડાબા હાથની સહાયથી કરી શકતો હતો. મારે મારા બધા કામો માટે બીજાઓ પર આધાર રાખવો પડતો હતો! વધુમાં, મને સખત પીડા થતી હતી!

મેં ફક્ત પ્રાર્થના જ ન કરી, પણ કેટલીક કસરતો પણ કરી. આ પરિસ્થિતિ અંદાજે એક વરસ સુધી રહી. જેમ જેમ પીડા વધી, હું વિચારવા લાગ્યો કે તે બાબતમાં મારા માટે કંઈ પણ રાહત નથી.

## ઇશ્વરે માર્ગ મોકળો કર્યો

એક દિવસે, ઇશ્વરના એક બુઝર્ગ સેવક તેમની પત્નિ સાથે મને જોવા આવ્યા. તેમણે તેમની મિનિસ્ટ્રીમાં સહાય કરવા મને વિનંતી કરી. મેં તેમનો ઉપયોગ ખાસ સભાઓમાં કરવાની શરૂઆત કરી, જે અમારા ચર્ચોમાં અને મિનિસ્ટ્રીજમાં થતી હતી. મારે તેમના સંદેશાઓને તામિલમાંથી અંગ્રેજીમાં ભાષાંતર કરવા પડતા હતા અને મારે તેમને જુદી જુદી જગ્યાઓએ લઈ જવા પડતા હતા. ઇશ્વરે તેમનો ઘણા સામર્થ્યથી ઉપયોગ કર્યો. ઘણા લોકોએ ઇસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો. મેં તે પણ અવલોકન કર્યુ કે ઘણા લોકોએ કાયમને માટે પીઠદર્દ, ગળાની પીડા વગેરેમાંથી છુટકારો મેળવ્યો હતો. કેટલાકે દુષ્ટ આત્માના ત્રાસથી છુટકારો મેળવ્યો હતો. પણ મેં તેમની સાથે મને જે હાથમાં પીડા હતી તે વિશે વાત કરી નહિ.

તે દંપતી ઘણા વુધ્ધ હતા, તેથી મારે મારી તેમજ તેમની બે પેટીઓ ઊંચકીને લઈ જવી પડતી હતી. પણ મારા હાથમાંની પીડા સાથે મેં આનંદથી તે કામ કર્યુ. ઘણી વખત તે ઇશ્વરના માણસે મને પૂછ્યુ, "ભાઈ, શું તમે તે ઊંચકી શકશો?" શું તમે બરાબર છો? એક વખત જ્યારે અમે કેરલા રાજ્યના મુનારમાં હતા, હું મારો બધો સામાન બસમાં મુકવા પ્રયત્ન કરતો હતો. પણ કમનસીબે, મારી બધી પેટીઓ અને બીજા મુસાફરોના સામાનો મારી તરફ નમ્યા અને મારી પર પડ્યા, મને નીચે પાડતા. હું ક્યારે પણ ભુલી શકુ નહિ કે કેવી રીતે સર્વ મુસાફરો બૂમો પાડી ઊઠ્યા અને મને તે મુંઝવણમાંથી બહાર આવવા મદદ કરી. મારા જમણા હાથમાંની પીડા દિવસે ને દિવસે વધતી જતી હતી. હું મારી ભાષાંતરની મિનિસ્ટ્રી ચાલુ રાખી રહયો હતો સામાન ઊંચકવાની સાથે!

અંતે, તે દંપતીએ તેમની ભારતમાંની તેમની મિનિસ્ટ્રી પૂર્ણ કરી અને તેમના દેશમાં ચૈનાઈથી વિમાન પકડીને રવાના થયા. જ્યારે હું તેમને હવાઈમથકે વળાવવા ગયો, ત્યારે સહન કરી ન શકાય તેટલી હદે પીડા ખુબ વધી ગઈ હતી. પણ જ્યારે હું તેમને હવાઈમથકેથી વળાવીને પાછો આવ્યો, ત્યારે તરત જ, જે પીડા હું એક વર્ષ કરતા વધારે સમયથી અનુભવી રહયો હતો તે પૂર્ણ રીતે અચાનક ગાયબ થઈ ગઈ! તે સમયથી આગળ, હું મારો હાથ મુક્તપણે હલાવી શકતો હતો અને બધા પ્રકારના કામો કરી શકતો હતો!

મેં તે પીડાનો અનુભવ કર્યો તેને લગભગ ૩૬ વર્ષ વીતી ગયા હતા. મેં તેવી પીડા પાછી ક્યારે પણ અનુભવી નથી. મેં ચમત્કારીક રીતે સાજાપણુ મેળવ્યું! સત્ય તો એ છે કે મારી શારીરીક પીડાની પર્વા કર્યા વગર, મેં તેમની સેવા કરી, તેથી તે દંપતીમાં જે સાજાપણાનું સામર્થ્ય હતું, તે મારા પર આવ્યું અને મને સાજો કર્યો. મેં તે ઇશ્વરના સેવકોને ત્યાર પછી ક્યારે પણ મારા જીવનમાં જોયા નથી. હું તેમનો સંપર્ક પણ કરી શક્યો નહિ. હું ફક્ત તેમનું નામ જાણતો હતો. શ્રી હેડજસ્ અને સેલી હેડજસ્.

આજે ઇશ્વરે મને ભરપૂરીપણાથી આશીર્વાદ આપ્યો છે, ઘણા સાથી-પાળકો અને સહકાર્યો સાથે જેઓ મારી બાળકની જેમ દેખરેખ રાખે છે. ઇશ્વર મારૂં સારી રીતે રક્ષણ કરી રહ્યા છે. ત્યાં ઇશ્વરના ઘણા લોકો છે જેઓ મને મદદ કરવા તૈયાર છે. ઇશ્વરે મને ઘણા સારા આત્મિક લોકો આપ્યા છે મને સહાય કરવા જ્યાં પણ હું દુનિયાભરમાં જાઊં છું ત્યાં!

વહાલા વાચક, શું તમે તમારી મિનિસ્ટ્રીના જે માર્ગ પર મુસાફરી કરી રહ્યા છો. તે કઠણ છે? શું તમે કડવાશ અનભવો છો, એમ વિચારીને કે ઇશ્વર કેમ તમને ભુખ્યા, ભુખમારાથી, રોગોથી અને કર્જમાં રાખી રહ્યા છે? શં તમે વિચારો છો કે જ્યારે ઇશ્વરના અન્ય સેવકો આરામદાયક જીવન જીવી રહ્યા છે, ત્યારે તમે જ એકલા કેમ આ મુશ્કેલીથી પીડાઓ છો? કંટાળો ન કરો. જે કંઈ નાનું કામ તમે ઇશ્વર માટે કરો છો અને જે કંઈ મોટી કસોટીઓમાંથી તમે પસાર થાવ છો, તે બધા ઇશ્વરની યાદીના પુસ્તકમાં લખાયા છે. ખરા સમયે, ઇશ્વર તેમને જીવન આપશે અને તેઓને તમારે માટે આશીર્વાદમાં ફેરવી દેશે.

**"જેઓ તેની વાટ જુએ છે, ને જે માણસ તેને શોધે છે તેઓ પ્રત્યે યહોવા ભલો છે."** (યર્મિયાનો વિલાપ ૩:૨૫)

◆◆◆

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/18-20 WPP NO. TN/PMG(CCR)/WPP-216/18-20

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-**
**આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાકીય મદદો (ડી.ડી.દ્વારા, ચેક, મનીઓર્ડર દ્વારા વગેરે) **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલા સરનામા પર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.


## ECHO OF HIS CALL

**10, MOHAMMED ABDULLAH 2nd STREET,
CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH : (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766
CELL : (+91) 98410 71852, 95661 31858
E-mails : sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites : www.echoofhiscall.org /
www.echoofhiscall.com**


YOU CAN SEND YOUR DONATIONS ON ONLINE ALSO

## PLEASE PRAY FOR OUR MINISTRIES AT THE HEADQUARTERS

1. Prayer Service : 24 hours
2. **BIBLECOR -** Bible Correspondence Courses : English, Tamil & Hindi
3. **ECHO OF HIS CALL** - Monthly Magazines : English, Tamil, Malayalam, Telugu, Hindi, Kannada, Marathi, Gujarati, Bengali, Odiya, Nepali, Assamese, Punjabi, Urdu, Sinhala & Afrikaans.
4. Nehemiah Bible Colleges (Two Centres)
5. Theological Correspondence Courses: English & Tamil
6. Great Commission Partners (Network of Pastors)
7. Training Programmes
8. Crusades
9. Literature Distribution and Follow Up
10. Gospel Printing Press - Publications
11. St. Paul's Matriculation School - Village English High School
12. Sunday Schools : 8.30 a.m. & 4.00 p.m. Sunday
13. **Tamil Services : 5.30 a.m. , 7.00 a.m. & 10.00 a.m. Sunday**
14. **Malayalam Service : 3.00 p.m. Sunday**
15. **Telugu Service : 4.00 p.m. Sunday**
16. **Hindi Service : 5.00 p.m. Sunday**
17. **English & Tamil Service : 6.00 p.m. Sunday**
18. Pastors' Counselling : 4.00 p.m. Sunday
19. Women's Prayer : 5.30 p.m. Wednesday
20. Mid-week Bible study : 6.30 p.m. Wednesday
21. Men's Prayer : 7.00 p.m. Friday
22. Workers' Meeting : 6.00 p.m. Saturday
23. House Meetings : 6.30 p.m. Monday & Tuesday
24. Special Holy Communion : 5.30 a.m. 1st day of each month
25. Ministers Review Meeting : 5.30 p.m. First Saturday
26. Parents' Prayer : 4.00 p.m. First Sunday
27. Night Prayer : 9.30 p.m. Second Friday
28. Fasting Prayer : 9:30 a.m. Third Saturday
29. Holy Communion : Second Sunday Services
30. Morning Devotion : 5.30 a.m. daily
31. Staff Devotion : 9.00 a.m. daily
32. Office : 9.00 a.m. to 9.00 p.m. (except Sunday)

**RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/18-20
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/18-20
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 17th FEBRUARY 2020
If un-delivered please return to:
ECHO OF HIS CALL (GUJARATI)
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from No.18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers** No. 18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**